# ભારતીય મૂળના ડોક્ટરનું અમેરિકામાં મોટુ કૌભાંડ

વોશિંગ્ટ,

ભારતીયોએ અમેરિકા જેવા દેશમાં જઈને પોતાની આવડત અને મહેનતના સહારે ઘણી સફળતાઓ મેળવી છે, પરંતુ કેટલાક લોકો અમેરિકામાં પણ શોર્ટ કટથી નાણા કમાવા જાય છે અને પછી કાનૂની જાળમાં ફસાય છે. અમેરિકામાં મેડિકેરના નામે ૫૪ લાખ ડોલરનું કૌભાંડ કરનારા ડોક્ટર આદર્શ ગુપ્તા પર આરોપો સાબિત થઈ ગયા છે. અદાલત હવે તેમને સજા સંભળાવે તેટલી વાર છે. ગુપ્તાએ હજારો લોકોને ખોટા બિનજરુરી પ્રિસ્ક્રિપ્શન લખી આપ્યા હતા અને ફોન પર જ બધું કામ પતાવી દેતો હતો. આ રીતે મેડિકેરના નામે લાખો ડોલર પોતાના ગજવામાં નાખ્યા હતા. આ કારનામાના કારણે આદર્શ ગુપ્તાને દરેક આરોપ દીઠ ૧૦ વર્ષ સુધીને જેલ થઈ શકે છે.

અમેરિકામાં એક ફેડરલ જ્યુરીએ ૫૧ વર્ષીય ઈન્ડિયન અમેરિકન ડોક્ટર આદર્શ ગુપ્તાને દોષી ઠરાવ્યા છે. એમડી સુધીનો અભ્યાસ ધરાવતા ગુપ્તાએ મેડિકેરના ૫૪ લાખ ડોલરના બનાવટી ક્લેમ કર્યા હતા તેવો આરોપ હતો જે સાબિત થઈ ગયો છે. આ ક્લેમ ઓર્થોટિક બ્રેસિસ માટે કરવામાં આવ્યા હતા અને ટેલિમાર્કેટિંગ સ્કીમ દ્વારા તેનો ઓર્ડર અપાયો હતો. એક કેસમાં તો આ ડોક્ટરે પગ કપાઈ ગયો હોય તેવી વ્યક્તિ માટે ગોઠણના બ્રેસને પ્રિસ્ક્રાઈબ કર્યા હતા. આદર્શ ગુપ્તા ન્યુ જર્સીમાં સિવેલ ખાતે પોતાનું કામકાજ ધરાવે છે અને તેમને હેલ્થકેર ફ્રોડ માટે દોષી જાહેર કરાયા છે. તેમણે હેલ્થકેરને લગતી મેટરમાં ખોટા સ્ટેટમેન્ટ આપ્યાનું પણ સાબિત થયું છે. આદર્શ ગુપ્તાને બોગસ મેડિકેર ક્લેમનું કામ એવું ફાવી ગયું હતું કે ૨૯૦૦થી વધારે લાભાર્થીઓને ધડાધડ પ્રિસ્ક્રિપ્શન લખી આપ્યા હતા જે બધા બિનજરૂરી હતી. ટેલિમાર્કેટર્સે આ તમામ લાભાર્થીઓનો ફોનથી કોન્ટેક્ટ કર્યો હતો અને તેમને ખાતરી કરાવી હતી કે બ્રેસિસ લેવાથી તેમને ફાયદો થશે.

પેશન્ટ સાથે ફોન પર નાનકડી વાતચીત કરીને ગુપ્તા તેને તાત્કાલિક બ્રેસિસ પ્રિસ્ક્રાઈબ કરી આપતા હતા. વ્યક્તિની મેડિકલ જરૂરિયાતો પણ ચેક કરવાની તસ્દી લેતા ન હતા.

એક કેસમાં તો ગુપ્તાએ એક અંડરકવર એજન્ટને પીઠ, ખભા, કાંડા અને ઘુંટણના બ્રેસિસ ખરીદવાનું પ્રિસ્ક્રાઈબ કરી આપ્યું હતું અને આ માટે તેમણે એક મિનિટ સુધી માંડ વાત કરી હતી. એટલે કે તેઓ ધડાધડ મેડિકેરના ક્લેમ કરાવવામાં માનતા હતા. જેનો પગ કપાઈ ગયો હોય તેવી વ્યક્તિને તો ની બ્રેસની જરૂર ન હોય, છતાં આદર્શ ગુપ્તાએ આવા બ્રેસિસની ભલામણ કરી દીધી હતી.

તપાસ દરમિયાન સાબિત થઈ ગયું કે માત્ર એક-બે મિનિટ વાત કરીને કોઈ વ્યક્તિને બ્રેસિસની જરૂર છે કે નહીં તેનો નિર્ણય ડોક્ટર ગુપ્તા લઈ ન શકે, છતાં તેમણે પ્રિસ્ક્રિપ્શન આપ્યું હતું. જે લોકો કેર પ્લાન એટલે કે ઈન્શ્યોરન્સ ધરાવતા હોય તેવા લોકોની જરૂરિયાત ન હોવા છતાં ગુપ્તાએ તેમના ક્લેમ મૂકાવ્યા હતા. બ્રેસ સપ્લાય કંપનીઓએ સરવાળો માંડ્યો તો જાણવા મળ્યું કે કુલ ૫૪ લાખ ડોલરથી વધારે ખોટા મેડિકેર બિલ બનાવાયા હતા.

ગુપ્તાને ત્રણ હેલ્થકેર ફ્રોડમાં કસુરવાર જાહેર કરવામાં આવ્યા છે. આ ઉપરાંત બે ખોટા સ્ટેટમેન્ટ આપવાનો ગુનો પણ સાબિત થયો છે. તેમને દરેક ફ્રોડ ચાર્જ બદલ વધુમાં વધુ ૧૦ વર્ષની જેલ થઈ શકે છે જ્યારે ખોટા નિવેદન બદલ પાંચ વર્ષની જેલ થઈ શકે છે. આઠમી ઓક્ટોબરે આદર્શ ગુપ્તાને સજા સુનાવવામાં આવશે. અમેરિકામાં આ ઘટનાને બહુ ગંભીરતાથી લેવામાં આવે છે કારણ કે તેમાં એક તો પેશન્ટની સેફ્ટીને ધ્યાનમાં લેવામાં આવી ન હતી. આ ઉપરાંત બિનજરૂરી મેડિકેર ક્લેમ કરવાના કારણે આખી સિસ્ટમની વિશ્વસનીયતા પણ જોખમમાં મૂકાય છે. હેલ્થ સેક્ટરમાં ખરેખર જેમને ફંડની જરૂર છે તેના બદલે આવા ફ્રોડ લોકો પાસે ફંડ જતું રહે છે જેના કારણે જરૂરિયાતમંદો મુશ્કેલીમાં મૂકાય છે. મેડિકલના ફિલ્ડમાં જે એથિક્સની વાતો કરવામાં આવે છે તેનો પણ આદર્શ ગુપ્તાએ સરેઆમ ભંગ કર્યો છે તેવું એક્સપર્ટનું માનવું છે.

# ડેન્ગ્યૂના દર્દી માટે અકસીર "ડ્રેગન" ફળ



(જિતેન્દ્ર ભટ્ટ દ્વારા)

ડ્રેગન ફળ એ એક પ્રકારના કેકટસ થોરમાં આવે છે. સૂકા, રેતાળ અને પર્વતીય વિસ્તારમાંય થાય, શરત એ કે જમીનમાં પાણી ભરાઈ રહેવું ના જોઈએ - આ છોડ બીજા વર્ષથી ફળ આપવાનું શરૂ કરી દે છે. ફળ તોડી લીધા પછી થોરનો એ ટુકડો કાપી નવા રોપા તરીકે બીજે વાવી શકાય છે. એક છોડ પંદરથી વીસ વર્ષ ફળ આપ્યાં કરે છે. ખૂબજ ઓછી મહેનત અને સાચવણી ન માગતું આ ફળ આર્થિક રીતે કમાણી અપાવનારું છે.

ડ્રેગન ને વાડીમાં હારબંધ પોલ કે સ્તંભ ઊભા કરી, સિમેન્ટના થાંભલા વધુ મજબૂતિ માટે લોખંડના સળીયા ગોઠવી શકાય છે. એક થાંભલાની ચારે બાજુ ચાર રોપા વાવી શકાય. થાંભલા ઉપર એક ટીંગ જેવું પૈડું ગોઠવી છોડ મોટો થતાં પૈડામાંથી ગળકી બહાર ઢળી પડે છે. છેવાડા પર પ્રથમ ફુલ આવે છે અને પછી તેમાંથી ફળ નીકળે છે.

નિષ્ણાતના જણાવ્યાં અનુસાર થાઈલેન્ડ, મલેશિયામાં સફેદ ડ્રેગન ફળ થાય છે, ગુલાબી છાલવાળા લાલ ફળ સ્વાદિષ્ટ અને ગુણીયલ છે. વિયેતનામાં આ ફળ પ્રખ્યાત છે. ભારતમાં કચ્છ અને અન્ય રેતાળ પ્રદેશમાં બીજા વર્ષે જ ફળ આવવા લાગે છે. આ છોડ યુનિસેક્સ (નર કે માદા જાતિ વિનાનું) હોવાથી પરાગરજની હેરફેરની જરૂર પડતી નથી. (પોલિનેશન)

ડ્રેગન ફળ એકર દીઠ પાંચથી સાત લાખ રૂપિયા કપાવી આપવાની ક્ષમતા છે. બાંગ્લાદેશ જેવા દેશના ખેડૂતો આ ફળ થકી સમૃધ્ધ થયા છે.

નાગાલેન્ડના દીમાપુર શહેરના એક નિષ્ણાતના જણાવ્યાં અનુસાર ડ્રેગન ફળની સ્થાનિક સ્તરે એટલી વધી માંગ છેકે તેને તોડતા જ ખપી જાય છે. આ ફળની સીઝન માત્ર ત્રણ મહિના હોવાથી ઓફ સીઝન સુધી એને ડિહાઈડ્રેડ કરીને (સૂકવણી) સાચવવાથી અંજીરની જેમ સૂકા મેવાની જેમ ઉપયોગમાં લઈ શકાય છે.

વિદેશમાં ડ્રેગન ફળના પલ્પ, જામ, જ્યુસ, સિરપ, આઈસક્રીમની પણ મોટી માર્કેટ છે. પરદેશમાં ડ્રેગન ફળમાંથી બ્રેકફાસ્ટ બાર પણ બને છે.

**ફળના વિશેષ મુદા**

બિયારણમાંથી આ છોડમાં ફળ મોડા આવે છે તેથી કલમ (કટીંગ) જલ્દીથી ફળાઉ છે. ફુલ આવ્યાં પછી ફળ આવતાં એક મહિનો લાગે છે. ફુલનો જીવનકાળ માત્ર એક રાત્રિનોજ છે. ફળનો નીચલો હિસ્સો લીલો હોય ત્યારે જ તેને તોડી લેવું જોઈએ. તોડ્યાં પછી આઠથી દસ દિવસ તે તાજુ રહે છે.

**આરોગ્ય અને આવક આ ફળ આપે છે**

મરી જેવા નાના દાણા ધરાવતું આ ફળ રસાળ અને ગળ્યું છે. તેનામાં રોગ પ્રતિકારક શક્તિ વધારનારું છે. શ્વેતકણ, હિમોગ્લોબિન વધારવા માટેનો રામબાણ ઈલાજ છે.

ગુજરાતમાં ખેતર કે વાડીના રક્ષણ માટે થોરીયાની વાડ બનાવવામાં આવે છે. જેમાં હાથલિયા થોરમાં લાલ ડીંડવા એટલે કે લાલચટક ફળ બેસે છે. થોર-ફળમાં એટલી બધી લાલ (જીણા કાંટા) હોય છે કે તેને તોડવું ખૂબજ કઠીન છે. પણ તોડ્યાં પછી તેની છાલ કાઢી તેનો માવો ખાવો અનેરો છે. જે ખૂબજ પોસ્ટીક અને લોહી શુદ્ધ કરનારું ફળ છે. પણ ગુજરાતમાં રમતા કૂદતા તોફાની છોકરાઓ લાલ ફળ ખાઈને મજા માણે છે. બાકી તેના તરફ કોઈનું ધ્યાન જતું નથી. થોર ઉપર ઊગતા ફળ (ફીંડલો) હિમોગ્લોબીનનો ખજાનો પુરવાર થયો છે.

જામનગરના જામજોધપુર ભાણવડ પંથકમાં તથા રાજકોટ પડધરી જસદણની બે ત્રણ મહિલાઓએ તેમાંથી સરબત ભેગુ કરી પુરક રોજી મેળવવાનો પ્રયત્ન કર્યો છે.

**સૌરાષ્ટ્રમાં ડ્રેગન ફળ**

વિસ્તારવાદી ચીનના ફળનો ઘર આંગણે વિસ્તાર વધી રહ્યો છે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં રોકડિયો પાક પુરવાર થયો છે. મૂળ તો રણપ્રદેશનો એટલે કે ઓછા પાણીમાં ઊગે છે.

સૌરાષ્ટ્રમાં પડધરી, કેશોદ, મેંદરડા, રાજકોટ નજીક માધાપર, કાલાવડ સહિતના ગામોમાં તથા કચ્છમાં રાપરમાં ડ્રેગનનું વાવેતર જોવા મળે છે. કેટલાક લોકો આ ફળને "પિતાયા"થી પણ ઓળખે છે.



ડ્રેગન ફ્રુટનું વાવેતર કરનાર ખેડૂતના જણાવ્યા અનુસાર જૂનથી પાક આવવાની શરૂઆત થાય છે. પાંચ મહિના લગાતાર ડ્રેગન ફળ આવે છે. લાલ અને સફેદ ડ્રેગન થાય છે. શરૂમાં એક વર્ષ મહેનતથી પંદર વર્ષ સુધી કમાણી કરાવનારું છે. વાવેતરમાં કોઈ રોગ આવતો નથી. ભાવ સારા આવતાં હોવાથી ડ્રેગની ખેતી તરફ ખેડૂત વળ્યો છે.

**bhattjioffice@gmail.com**
**(mo. 94263 57715)**

# ગરમીમાં ચા, કોફી, કોલ્ડ ડ્રિંક્સ અને આલ્કોહોલ પીવું હાનિકારક છે

નવીદિલ્હી, દેશના ઘણા રાજ્યોમાં આકરી ગરમી પડી રહી છે. ગરમીથી બચવા લોકો વિવિધ ઉપાયો કરી રહ્યા છે. આ દરમિયાન કેન્દ્ર સરકારે લોકોને ખાણી-પીણીને લઈને એડવાઈઝરી જાહેર કરી છે. સરકારે લોકોને ઉનાળાની ઋતુમાં હીટવેવ (લૂ) દરમિયાન ચા અને કોફી પીવાનું ટાળવા જણાવ્યું હતું. આલ્કોહોલ પીવાથી પણ દૂર રહેવા માટે સરકારે લોકોને અપીલ કરી છે. આ સિવાય કાર્બોરેટેડ સોફ્ટ ડ્રિંક્સ (કોલ્ડ ડ્રિંક્સ) પીવાનું પણ ટાળવા જણાવ્યું છે. ત્યારે આ દરમિયાન ગરમીને લઈને શું કરવું તેને લઈને સરકાર દ્વારા ગાઈડલાઈન બહાર પાડવામાં આવી છે. સરકારની એડવાઈઝરીમાં કહેવામાં આવ્યું છે કે ઉનાળામાં ચા, કોફી, કોલ્ડ ડ્રિંક્સ અને આલ્કોહોલ આ પીણાં પીવાથી શરીરમાં ડીહાઈડ્રેશન (પાણીની ઉણપ) થઈ શકે છે. ત્યારે ગરમીના આ સમયગાળામાં હાઈ પ્રોટીન ફૂડ ન ખાવાની સલાહ આપવામાં આવી છે. તેમજ સ્ટ્રીટ ફૂડ ખાવાનું ટાળો. ઘરમાં ભોજન બનાવતી વખતે દરવાજા અને બારીઓ ખુલ્લા રાખો. નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (દ્રઢસ્દ્ર) અનુસાર, હીટસ્ટ્રોકની અસરોથી બચવા માટે બપોરે ૧૨ થી ૩ વાગ્યાની વચ્ચે સૂર્યપ્રકાશમાં આવવાનું ટાળો. ગરમી દરમિયાન સફેદ રંગના સુતરાઉ કપડા પહેલો જે ગરમીમાં રાહત આપશે

ગરમીમાં રાહત મેળવવા આટલુ કરવાનું ટેવ પાળો.. જેમાં પૂરતું પાણી પીઓ. જો તમને તરસ ન લાગે તો પણ શક્ય તેટલી વાર પાણી પીવો. સફેદ કે હળવા રંગના, ઢીલા અને સુતરાઉ કપડાં પહેરો. તડકામાં બહાર જતી વખતે ગોગલ્સ, છત્રી/ટોપી, શૂઝ અથવા ચપ્પલનો ઉપયોગ કરો. જ્યારે બહારનું તાપમાન વધારે હોય ત્યારે બહાર જવાનું ટાળો. મુસાફરી દરમિયાન પાણી સાથે રાખો. આલ્કોહોલ, ચા, કોફી અને ઠંડા પીણા પીવાનું ટાળો. હાઈ પ્રોટિન ખોરાક લો અને વાસી ખોરાક ન ખાઓ. જો તમે બહાર કામ કરો છો, તો ટોપી અથવા છત્રીનો ઉપયોગ કરો અને તમારા માથા અને ચહેરાને હળવા સુતરાઉ કપડાથી ઢાંકો. જો તમે થાક, અસ્વસ્થ અથવા બીમાર અનુભવો છો, તો તરત જ ડૉક્ટરની સલાહ લો. ઓઆરએસ, ઘરે બનાવેલા પીણાં જેવા કે લસ્સી, લીંબુનું શરબત, વરીયાળીનું પાણી, છાશ વગેરેનો ઉપયોગ કરો જે શરીરને ફરીથી હાઈડ્રેટ કરવામાં મદદ કરે છે. તમારા ઘરને ઠંડુ રાખો, પડદા, શટર અથવા સનશેડ્સનો ઉપયોગ કરો અને રાત્રે બારીઓ ખુલ્લી રાખો. પંખાનો ઉપયોગ કરો, ઠંડા પાણીથી સ્નાન કરો.

# એક મહિનાથી બંધ રસોડું ફરી શરુ થશે

કોઈ પણ ધર્મમાં મારવા વાળા કરતા બચાવવા વાળો મોટો હોય છે તેવો ભાવ પ્રગટ થતો હોય છે. દુનિયાભરમાં એવા કેટલાય માનવતાવાદી કાર્યકરો છે કે ગમે તેવી કપરી પરિસ્થિતિમાં પણ માનવતા છોડતા નથી. યુદ્ધ હોય કે કુદરતી આફત તેમના માટે માનવતાનું રક્ષણ જ મુખ્ય સાધના છે. આવા સમૂહોની ઉપસ્થિતિ જ તકલીફમાં આવેલા લોકો માટે આશાનું કિરણ હોય છે. મળતા સમાચારો મુજબ ઇઝરાયેલી હવાઈ હુમલામાં સાત સહાયક કર્મચારીઓના મૃત્યુ બાદ લગભગ એક મહિના પછી વર્લ્ડ સેન્ટ્રલ કિચન ગાઝામાં ખોરાકનું વિતરણ ફરી શરૂ કરવાનું છે. એટલેકે આશ્રિતો માટે હવે રસોડું ફરી ધમધમશે. સહાય સંસ્થાએ જણાવ્યું હતું કે તેની પાસે રફાહ ક્રોસિંગ દ્વારા પ્રવેશવા માટે તૈયાર ભોજન સાથે ૨૭૬ ટ્રક છે અને કર્મચારીઓએ પણ પહેલા જેવા જુસ્સા સાથે નક્કી કર્યું કે આપણે ખોરાક આપતા રહીશું. અહી ઉલ્લેખનીય છે કે આ મહિનાની શરૂઆતમાં વેરહાઉસ છોડી રહેલા સંસ્થાના કાફલા પર ઇઝરાયેલ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો જેમાં સાત લોકો માર્યા ગયા હતા અને આંતરરાષ્ટ્રીય આક્રોશ ફાટી નીકળ્યો હતો.ત્યારબાદ ઈઝરાયેલ સંરક્ષણ દળોએ પણ સ્વીકાર્યું કે "ગંભીર ભૂલો" ને કારણે રસોઈ કામદારો ઉપર જીવલેણ હુમલો થયો. આ ઘટનામાં બે વરિષ્ઠ અધિકારીઓને ઈઝરાઈલે બરતરફ કર્યા હતા. હજુ પણ સંસ્થા દ્વારા કામદારોના મૃત્યુ અંગે નિષ્પક્ષ અને આંતરરાષ્ટ્રીય તપાસની માંગ કરવાનું ચાલુ છે, આ સહાયકોમાં ત્રણ બ્રિટન, એક પેલેસ્ટિનિયન, ઓસ્ટ્રેલિયન, પોલ અને યુએસ-કેનેડિયન નાગરિકના મૃત્યુ થયા હતા.

# RBIએ લોન લેનારાઓના હિતને બચાવવા મોટી જાહેરાત કરી

*નવીદિલ્હી,*

*રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ લોન લેનારાઓના હિતને બચાવવા માટે એક મોટું પગલું ભર્યું છે. આરબીઆઈએ ધિરાણ સેવા પુરી પાડનાર લોન પ્રોડક્ટ્સ માટે ડ્રાફ્ટ રેગ્યુલેટરી ફ્રેમવર્ક જાહેર કર્યું છે. બેંક રેગ્યુલેટર માને છે કે આ પગલાથી લોન લેનારાઓમાં પારદર્શિતા વધશે. આરબીઆઈના એક રીલીઝ મુજબ આ માળખાનો ઉદ્દેશ ક્રેડિટ મધ્યસ્થી પ્રક્રિયામાં ગ્રાહક-કેન્દ્રિત પારદર્શિતાને પ્રોત્સાહન આપવાનો છે. લેન્ડિંગ સર્વિસ પ્રોવાઈડર્સ થર્ડ પાર્ટી એન્ટિટી છે. જે ધિરાણ ઈન્ટરમીડિએશન પ્રવૃત્તિઓ માટે નિયમન કરેલ નાણાકીય પેઢી સાથે સંકળાયેલ છે. ઓનલાઈન પ્લેટફોર્મ પર હાજર લેન્ડિંગ સર્વિસ પ્રોવાઈડર્સ ઘણા ધિરાણકર્તાઓ પાસેથી લોન ઓફર એકત્રિત કરે છે. આનાથી લોન લેવા ઈચ્છુક લોકોને વિવિધ ઑફર્સ વચ્ચે સરખામણી કર્યા પછી વધુ સારી ઑફર પસંદ કરવાની તક મળે છે. આરબીઆઈએ નોંધ્યું હતું કે ઘણા પ્રોવાઈડર્સ લોન ઉત્પાદનો માટે એકત્રીકરણ સેવાઓ પ્રદાન કરે છે.*

*સેન્ટ્રલ બેંકે જણાવ્યું હતું કે, "એક લેન્ડિંગ સર્વિસ પ્રોવાઈડર ઘણા ધિરાણકર્તાઓ સાથે સંબંધો હોય તેવા કિસ્સામાં સંભવિત ધિરાણકર્તાની ઓળખને જાણનાર લોન લેનારની સંભાવના ઓછી છે" લેન્ડિંગ સર્વિસ પ્રોવાઈડર્સ લોન લેવા ઈચ્છુકોને એપ્લિકેશન અથવા વેબસાઈટ પર ઉપલબ્ધ તમામ લોન ઑફર્સ પ્રદાન કરશે. આ તમામ રસ ધરાવતા ધિરાણકર્તાઓ પાસેથી કરવામાં આવશે જેમની સાથે ન્જીુંનું જોડાણ છે. ન્જીુંજ એ ધિરાણ માટે ધિરાણકર્તાઓની ઈચ્છાને સુનિશ્ચિત કરવા માટે સુસંગત અભિગમને અનુસરવું જોઈએ અને તે તેમની વેબસાઈટ પર પણ જાહેર કરવું જોઈએ. એપ અથવા વેબસાઈટમાં નિયમન કરાયેલ એકમોનું નામ, લોન ઓફરની વિગતો, લોનની રકમ અને મુદત અને વાર્ષિક ટકાવારીનો દર હોવો જોઈએ. આને અન્ય તમામ નિયમો અને શરતો સાથે ટેકો આપવો જોઈએ અને એવી રીતે રજૂ કરવામાં આવે કે જે લોન ઈચ્છુકને વિવિધ ધિરાણકર્તાઓ વચ્ચે યોગ્ય સરખામણી કરવા સક્ષમ બનાવે.વધુમાં, દરેક નિયમન કરેલ એન્ટિટી સંબંધિત મુખ્ય હકીકત નિવેદનની લિંક પ્રદાન કરવી આવશ્યક છે.*


# રવાલપ્લગ અને સાકેથ સેવેન સ્ટાર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ વચ્ચે જોડાણની ઘોષણા




અમદાવાદ, તાજેતરમાં બે વૈશ્વિક ઉત્પાદન પાવરહાઉસ જૂથો,સાકેથ સેવેન સ્ટાર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (SSSIL) અને રવાલપ્લગ પ્રોડક્ટ્સ એન્ડ સર્વિસીસ ઈન્ડિયા લિમિટેડ એ ભારતના એન્જિનિયરિંગ ક્ષેત્રમાં નવીનતા અને શ્રેષ્ઠતાના નવા યુગની શરૂઆત કરવા માટે એક મજબૂત ગઠબંધનમાં જોડાયા છે. આ મહત્વપૂર્ણ ભાગીદારી ભારતમાં રવાલપ્લગ બ્રાન્ડના સત્તાવાર લોન્ચને ચિહ્નિત કરે છે અને સમગ્ર દેશમાં બાંધકામ અને એન્જિનિયરિંગના ભાવિને ફરીથી નિર્ધારિત કરવાની પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે. ઈજનેરી ચાતુર્યના સમૃદ્ધ ઈતિહાસમાં થી સંકરાયેલ, રવાલપ્લગ તેના મૂળને વર્ષ ૧૮૮૭માં શોધે છે જ્યારે રાવલિંગ બ્રધર્સની સ્થાપના લંડનમાં એક નાની પ્લમ્બિંગ અને ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ કંપનીના રૂપમાં થઈ હતી. કંપનીની સફળતા વર્ષ ૧૯૧૦માં આવી જ્યારે તેણે વિશ્વના પ્રથમ વોલ પ્લગની શોધ કરી અને બાંધકામ અને DIY ઉદ્યોગોમાં એક ક્રાંતિ સર્જાવી. વર્ષ ૧૯૧૯માં કંપનીનું નામને બદલાઈ ને રવાલપ્લગ રાખવામાં આવી અને ત્યારથી આ કંપની બાંધકામ ઉદ્યોગ માટે ટેક્નોલોજી અને ટૂલ્સ ફિક્સિંગમાં મોખરે રહી છે, જે ઉદ્યોગના ધોરણોને સેટ કરતી ઉત્પાદનો અને સેવાઓની વ્યાપક શ્રેણી ઓફર કરે છે. વધુમાં, સાકેથ સેવેન સ્ટાર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ. (SSSIL) મહારાષ્ટ્રની ટોચની ૧૦ કંપનીઓમાંની એક છે, જે ઇન-હાઉસ ઉત્પાદનો માટે ઝિંક અને એલ્યુમિનિયમ ફ્લેક કોટિંગ અને યાંત્રિક ઝિંક કોટિંગ પ્રદાન કરે છે અને પ્રદેશમાં પ્રીમિયમ ફાસ્ટનર કંપનીઓ માટે વિશ્વસનીય બેકઅપ તરીકે સેવા આપે છે. આજે ગુણવત્તા અને નવીનતા પ્રત્યે પ્રતિબદ્ધતા સાથે, SSSIL એ એક મજબૂત અને ટકાઉ ભારતના વિઝનને આગળ ધપાવતા, એન્જિનિયરિંગ લેન્ડસ્કેપમાં એક વિશ્વાસપાત્ર ભાગીદાર તરીકે પોતાની ઓળખને સ્થાપિત કરી છે. (૧૯-૮)

Printed and Published by MAYUR C. BHATT on behalf of KALYANI PUBLIATION PVT. LTD. and Printed at : Dharti Printers C-3, Shankar Chember, Nr. Fadia Chamber, Asharam Road, Ahmedabad-Published From KALYANI PUBLIATION PVT. LTD. 201,202,208 Nandan complex, opp mithakhali rly crossing, mithakhali, ahmedabad. Editior : Mayur C. Bhatt

# યુનિ.ની લો ફેકલ્ટીમાં વિદ્યાર્થીઓએ લાઈટો અને પંખા વગર પરીક્ષા આપી



વડોદરા, એમ.એસ. યુનિવર્સિટીની કોમર્સ ફેકલ્ટીની હાલમાં પરીક્ષા ચાલી રહી છે. લો ફેકલ્ટી ખાતે પણ તેની બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.આજે પરીક્ષા દરમિયાન વીજ પુરવઠો બંધ કરવામાં આવ્યો હોવાથી ગરમીમાં વિદ્યાર્થીઓને લાઈટ અને પંખા વગર પરીક્ષા આપવાનો વારો આવ્યો હતો.

કોમર્સની એસવાયની પરીક્ષાની બેઠક વ્યવસ્થા કોમર્સ તેમજ બીજી ફેકલ્ટીઓમાં પણ ગોઠવવામાં આવી છે.જેમાં લો ફેકલ્ટીનો પણ સમાવેશ થાય છે. વીજ કંપનીએ લો ફેકલ્ટી જ્યાં આવેલી છે તે ડોનર્સ પ્લાઝા (મહારાજા પ્રતાપસિંહરાવ પરિસર) વિસ્તારમાં આજે સમારકામના કારણે વીજ પુરવઠો સવારે સાત વાગ્યાથી બપોરના ૧૨ વાગ્યા સુધી બંધ રહેશે તેવી જાહેરાત અગાઉ કરી હતી.

જોકે આ બાબત સત્તાધીશોના ધ્યાનમાં નહીં આવી હોય કે પછી બીજા કોઈ કારણસર કોઈ વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવવામાં આવી નહોતી.

જેના કારણે વિદ્યાર્થીઓને આખી પરીક્ષા લાઈટ અને પંખા વગર આપવાનો વારો આવ્યો હતો.હાલમાં ચાલી રહેલા હીટવેવના કારણે સવારથી ગરમી શરુ થઈ જતી હોવાથી વિદ્યાર્થીઓની બીજી રીતે પણ પરીક્ષા લેવાઈ ગઈ હતી.કેટલાક વર્ગોમાં જ્યાં સૂર્યપ્રકાશ ઓછો આવતો હતો ત્યાં સરવાળે અંધારમાં પણ વિદ્યાર્થીઓને પરીક્ષા આપવાનો વારો આવ્યો હતો. આ પહેલા લો ફેકલ્ટીના વોશરુમની દીવાલો પર વિદ્યાર્થીઓએ પરીક્ષા પહેલા જવાબો લખી દીધા હોવાનો વિવાદ સર્જાયો હતો અને સત્તાધીશોએ રાતોરાત દીવાલો પર વ્હાઈટ વોશ કરાવવા માટે યુનિવર્સિટીને અપીલ કરવી પડી હતી.

**અનુસૂચિ II**
**ફોર્મ બી**
**જાહેર ઘોષણા**
(ઈનસોલ્વન્સી એન્ડ બેન્કરપ્સી બોર્ડ ઓફ ઈન્ડિયા (લિક્વિડેશન પ્રોસેસ) રેગ્યુલેશન્સ, ૨૦૧૬નું નિયમન ૧૨)
**મેસર્સ રઘુવંશી ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લિ.ના હિતધારકોના ધ્યાન માટે**

| ક્રમ | વિગતો | માહિતી |
|---|---|---|
| ૧ | કોર્પોરેટ દેવાદારનું નામ | મેસર્સ રઘુવંશી ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લિ. |
| ૨ | કોર્પોરેટ દેવાદારના સમાવેશની તારીખ | ૨૪-૦૧-૨૦૧૪ |
| ૩ | ઓથોરિટી કે જેના હેઠળ કોર્પોરેટ દેવાદાર સામેલ/નોંધાયેલ છે | કોર્પોરેટ બાબતોનું મંત્રાલય (આરઓસી-અમદાવાદ) |
| ૪ | કોર્પોરેટ દેવાદારની કોર્પોરેટ ઓળખ નંબર / મર્યાદિત જવાબદારી ઓળખ નંબર | U17111GJ2014PTC078412 |
| ૫ | કોર્પોરેટ દેવાદારની રજિસ્ટર્ડ ઓફિસ અને પ્રિન્સિપલ ઓફિસ (જો કોઈ હોય તો)નું સરનામું | આર.એસ.નં.૩૧૯, નારણકા, રાજકોટ જામનગર હાઈવે, ગામ તારઘડી, તા. પડધરી, જિ. રાજકોટ, ગુજરાત, ભારત, ૩૬૩૬૬૦ |
| ૬ | ઈન્સોલ્વન્સી રિઝોલ્યુશન પ્રક્રિયા બંધ થવાની તારીખ | ૨૯/૦૪/૨૦૨૪ |
| ૭ | કોર્પોરેટ દેવાદારની લિક્વિડેશનની શરૂઆતની તારીખ | ૦૬-૦૫-૨૦૨૪ # |
| ૮ | લિક્વિડેટર તરીકે કામ કરતા નાદારી વ્યાવસાયિકનું નામ અને નોંધણી નંબર | દેવેન્દ્ર જૈન Reg. No. IBBI/IPA-001/ IP-P00255/ 2017-18/10484 |
| ૯ | લિક્વિડેટરનું સરનામું અને ઈ-મેલ, જે બોર્ડમાં નોંધાયેલ છે | બી-૬૦૪, રત્નાકર નવ સ્કવેર, આઈટીસી નર્મદા સામે, કેશવબાગ પાસે, વસ્ત્રાપુર, અમદાવાદ-૩૮૦૦૧૫, ઈ-મેલ :devendradjain@hotmail.com |
| ૧૦ | લિક્વિડેટર સાથેના પત્રવ્યવહાર માટે સરનામું અને ઈ-મેલનો ઉપયોગ કરવો | બી-૬૦૪, રત્નાકર નવ સ્કવેર, આઈટીસી નર્મદા સામે, કેશવબાગ પાસે, વસ્ત્રાપુર, અમદાવાદ-૩૮૦૦૧૫, ઈ-મેલ :devendradjain@hotmail.com |
| ૧૧ | દાવાઓ સબમિટ કરવાની છેલ્લી તારીખ | ૦૫-૦૬-૨૦૨૪ |

આથી સૂચના આપવામાં આવે છે કે નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ, અમદાવાદે ૨૯-૦૪-૨૦૨૪ ના રોજ મેસર્સ રઘુવંશી ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લિ.ને ફડચામાં લેવાનો આદેશ આપ્યો છે (#૦૬-૦૫-૨૦૨૪ ના રોજ પ્રાપ્ત થયો) મેસર્સ રઘુવંશી ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લિ.ના હિતધારકોને આથી આઈટમ નંબર ૧૦ સામે દર્શાવેલ સરનામે ફડચા અધિકારીને ૦૫-૦૬-૨૦૨૪ના રોજ અથવા તે પહેલાં પુરાવા સાથે તેમના દાવા રજુ કરવા માટે આહવાન કરવામાં આવે છે.
નાણાકીય લેણદારોએ માત્ર ઈલેક્ટ્રોનિક માધ્યમથી જ પુરાવા સાથે તેમના દાવા રજુ કરવાના રહેશે.
અન્ય તમામ લેણદારો પુરાવા સાથે રૂબરૂ, પોસ્ટ દ્વારા અથવા ઈલેક્ટ્રોનિક માધ્યમથી દાવાઓ રજુ કરી શકે છે.
દાવાઓના ખોટા અથવા ભ્રામક પુરાવા રજુ કરવા પર દંડ લાગશે.
**તારીખ : ૦૬-૦૫-૨૦૨૪** **સહી/- દેવેન્દ્ર જૈન**
**સ્થળ : અમદાવાદ** **લિક્વિડેટર**

SHRIRAM HOUSING FINANCE
**માંગણા નોટિસ**
**શ્રીરામ હાઉસિંગ ફાયનાન્સ લીમીટેડ**
**રજીસ્ટર્ડ ઓફિસઃ** ઓફિસ નં.૧૨૩, અન્ગપ્પા નૈકેન સ્ટ્રીટ, ચેન્નાઈ- ૬૦૦ ૦૦૧
હેડ ઓફિસ : લેવલ ૧, વૉકહાર્ટ ટાવર, ઈસ્ટ વિન્ગ સી-૨, જી બ્લોક, બાંદ્રા- કુર્લા કોમ્પ્લેક્ષ, મુંબઈ-૪૦૦૦૫૧ **વેબસાઈટ :www.shriramhousing.in**

**આથી**નીચે જણાવેલ કરજદાર(રો)/સહકરજદારો/જામીનદારોને નોટીસ આપવામાં આવે છે કે **શ્રીરામ હાઉસીંગ ફાઈનાન્સ લી.** માંથી તમે લોનની સગવડ લીધી હતી તેની મુળ રકમ અને તેનું વ્યાજ પરત કરવામાં તમે નિષ્ફળ ગયા છો તેથી તમારુ લોન ખાતુ રિઝર્વ બેંક ઓફ ઈંડિયા દ્વારા જારી માર્ગદર્શિકા/નિયમાનુસાર નોન પરફોમીંગ એસટ( એનપીએ) તરીકે ગણવામાં આવે છે. તેથી નીચે સહી કરનાર શ્રીરામ હાઉસિંગ ફાયનાન્સ લી.ના અધિકૃત અધિકારીએ સિક્યોરીટાઇઝેશન અને રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ (જણાવેલ કાયદા) નિયમો, ૨૦૦૨ (જણાવેલ નિયમો)ના નિયમ ૩ સાથે વંચાતી કલમ૧૩(૨) હેઠળ મળેલી સત્તાની રૂએ નીચે કોષ્ટકમાં જણાવેલ કરજદારોને જણાવેલ માંગણા નોટીસોમાં જણાવેલ રકમ પરત ચુકવવા માંગણા નોટીસો જારી કરી હતી.તેમને સીકયુરાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સ એસેટ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ (સરફેસી એકટ)હેઠળ લેનદારો/જામીનદારો/માર્ટગેઝરોને આ નોટીસ માં દર્શાવેલ રકમ અને બાકી નિકળતી રકમ આકસ્મિક ખર્ચ,કોસ્ટ, ચાર્જિસ વગેરેની સાથે નોટીસ પ્રસિધ્ધ થયાના ૬૦ દિવસની અંદર ચુકવી દેવી.
આ જાહેર નોટિસ છેલ્લા જાણ મુજબના સરનામાં પર મોકલવામાં આવી હતી તે સ્વીકાર્યા વગરની પાછી ફરી છે તેથી આ નોટીસ મોકલાવવામાં આવી છે.
કરજદારો ધ્યાન આપો કે સેક્શન ૧૩ એક્ટના સબ - સેક્શન (૮)ની જોગવાઈ મુજબના સમયમાં આ આરક્ષિત મિલકત છોડાવી શકો છો.

| કરજદારો(રો)/સહ- કરજદારો(રો)નું નામ અને સરનામું | બાકી નિકળતી રકમ | આરક્ષિત મિલકતનું સરનામું |
|---|---|---|
| **પાંડે નિલમ સુર્યમણી** ઈ-૩૦૧, પાયોનિયર ડ્રીમ્સ, વદોડ, ભિમરાડ રોડ, વદોડ, જીયાવ, સુરત, ગુજરાત- ૩૯૫૦૨૩. અન્ય એટ્ :- ઈ- ૩૦૧, પાયોનિયર ડ્રીમ્સ, વદોડ- ભિમરાડ રોડ, વદોડ, જીયાવ, સુરત, ગુજરાત- ૩૯૫૦૨૩ અન્ય એટ્ :- શૉપ નં.૧, રાજ મહેલ કોમ્પ્લેક્ષ, યુકો બેંક પાસે, કેનાલ રોડ, વેસુ, સુરત, ગુજરાત- ૩૯૫૦૦૭ અન્ય એટ્ : ફ્લેટ નં. ૩૦૫, ૩જો માળ, બિલ્ડિંગ નં. એ-૨, આકાશ પૃથ્વી એપાર્ટમેન્ટ, સાઈ મોહન રેસીડેન્સી, પ્રોયંકા ટૉઉનશીપ, ગામ - વદોડ, સુરત- ૩૯૪૨૨૧. ૨. પાંડે સુર્યમણી મહાનારાયણ ઈ-૩૦૧, પાયોનિયર ડ્રીમ્સ, વદોડ- ભિમરાડ રોડ, વદોડ, જીયાવ, સુરત, ગુજરાત- ૩૯૫૦૨૩. અન્ય એટ્ : ફ્લેટ નં. ૩૦૫, ૩જો માળ, બિલ્ડિંગ નં. એ-૨, આકાશ પૃથ્વી એપાર્ટમેન્ટ, સાઈ મોહન રેસીડેન્સી પાસે, પ્રોયંકા ટૉઉનશીપ પાસે, ગામ . વદોડ, સુરત- ૩૯૪૨૨૧. એનપીએ તારીખ: ૦૪.૦૪.૨૦૨૪ **માંગણા નોટીસ તારીખ : ૨૬.૦૪.૨૦૨૪** | રૂા. ૮૨૯૦૩૩/- ( રૂપિયા આઠ લાખ ઓગણત્રીસ હજાર તેત્રીસ માત્ર) જે ૧૯/૦૪/૨૦૨૪ ના રેફ્રેન્સ ઓફ લોન એકાઉન્ટ નં. SLPHSRAT0000971 લોન રકમ SLPHSRAT0000971 અને ૭૭૩૯૭૪/- | નૉન- એગ્રીકલ્ચરલ પ્લોટ ઓફ લેન્ડ મૌજે વદોડ, સુરત લેઈંગ બિઈંગ લેન્ડ બેરિંગ ઓલ્ડ આર.એસ. નં. ૧૭૨/૧, નવો આર.એસ. નં. ૧૩, ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ નં. ૬૩ ( વદોડ), એફપી નં. ૨૬, માપ એરિયા ૧૯૧૦૦ સ્કેવર મીટર્સ, રોડ સંરેખણ માપ ૨૫૨૨.૪૫ સ્કેવર મી. જમીન માપન ૧૬૫૮૮.૫૫ સ્કેવર મી., આકાશ પૃથ્વી તરીકે ઓળખાય, જે પૈકી બિલ્ડિંગએ-૨ના થર્ડ ફ્લોર, ફ્લેટ નં. ૩૦૫, માપ ૬૬.૯૧ સ્કેવર મી. બિલ્ટ-અપ એરિયા માપ ૪૨.૫૯ સ્કેવર મી. , રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ અને સબ -ડિસ્ટ્રીક્ટ સુરત અને ડિસ્ટ્રીક્ટ સુરત છે. મિલકતની ચારે બાજુની બાઉન્ડ્રીઓ:- ઉત્તરે : બિલ્ડિંગ નં. એ-૪ દક્ષિણે : બિલ્ડિંગ નં. બી-૨ પુર્વે :- ટી.પી. રોડ પશ્ચિમે :- ઈન્ટરનલ રોડ |

ઉપરોકત કરજદારોને આથી નોટીસ આપવામાં આવે છે કે આ નોટીસ પ્રસિધ્ધ થયાના ૬૦ દિવસની અંદર બાકી નિકળતી રકમ ચુકવી દેવી જો આ ૬૦ દિવસની મુદત પુરી થઇ જશે ત્યાં સુધીમાં રકમ ચુકવવામાં નિષ્ફળ જશો તો આગળની કાર્યવાહી ગીરો મુકેલ (એક કે ગમે તે સામે) તમારા ખર્ચ અને જોખમે કાર્યવાહી થશે જે સીકયુરાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સ એસેટ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ના અનુચ્છેદ૧૩ (૪ ) ની આવેદકોના રૂલની જોગવાઇ મુજબ કાર્યવાહી થશે.
**કૃપયા ધ્યાન આપો કે કલમ ૧૩ (૧૩ )ની જોગવાઇ મુજબ આ નોટીસના અનુસંધાનમાં સિક્યોર્ડ ક્રેડિએટરની પુર્વ મંજુરી લીધા વિના ગીરો મિલકત કોઈપણ પ્રકારે લીઝ, વેચાણ મારફતે કોઇના નામે ટ્રાન્સફર કરી શકાશે નહી કોઇ ત્રાહીત વ્યકિતનો હક્ક પેદા થાય તે રીતે કાર્યવાહી થઈ શકશે નહી.**

**સ્થળ : સુરત** **સહી/- અધિકૃત અધિકારી**
**તારીખ : ૦૮.૦૫.૨૦૨૪.** **શ્રી રામ હાઉસિંગ ફાયનાન્સ લી.**